# પરહિત કરનારનું કદી અકલ્યાણ થતું નથી, કલ્યાણ જ થાય છે

આચમન
બિપિન પટેલ

**આ**પણી આસપાસ પથરાયેલી પ્રકૃતિ આપણને પરહિત અને પરોપકારનો સંદેશો આપે છે. પુષ્પો પરોપકાર માટે ખીલે છે, મહેકે છે, નદી પરોપકાર માટે વહે છે! વૃક્ષો પણ પરોપકાર માટે જ ફળે છે! ભગવાન શ્રીકૃષ્ણ પણ ગીતાજીના માધ્યમ દ્વારા એ જ સંદેશો આપે છે અને કહે છે જે વ્યકિત પરોપકાર અને પરહિતમાં લીન બનીને શુભ કર્મ કરે છે તેની દુર્ગતિ થતી નથી! તેનું અકલ્યાણ થતું નથી, કલ્યાણ જ થાય છે. ગોસ્વામી તુલસીદાસજી રચિત શ્રીરામચરિતમાનસ તો સ્પષ્ટ કહે છે, પરહિત સમાન બીજો કોઇ ધર્મ નથી.

પરોપકાર કે પરહિત વિના માનવી અધૂરો છે! પરમાત્માએ માનવીને માનવજીવન જ અન્યના હિત માટે આપ્યું છે. સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ ગીતાજીના માધ્યમ દ્વારા એ જ સંદેશો આપે છે. સર્વભૂતહિતરતાઃ બીજાના સુખને માટે પોતાના સુખનો ત્યાગ કરો. ગોસ્વામી તુલસીદાસ શ્રીરામચરિતમાનસમાં સંતોનો સ્વભાવ દર્શાવતા લખે છે-

‘પર ઉપકાર બચન મન કાયા ।

સંત સહજ સભાઉ ખગરાયા॥’- મન, વચન અને શરીરથી પરોપકાર કરવો એ તો સંતોનો સહજ સ્વભાવ છે. શ્રીરામચરિતમાનસના માધ્યમ દ્વારા ગોસ્વામી તુલસીદાસજી ઇચ્છે છે કે માનવીના મનમાં આવું સંતત્વ ખીલે! એ જ સાચું જીવન છે કે જયારે માનવી અન્યોના હિત માટે જીવે! સંતો પોતે તો પરોપકારી હોય જ છે! સાથે સાથે બીજાના હિત માટે જેઓ જીવે છે તેને પ્રેમ પણ કરે છે અને તેની પ્રશંસા પણ કરે છે.

‘પરહિત લાગી તજઇ જો દેહી ।

સંતત સંત પ્રશંસહિત તેહી ॥’- બીજાને માટે પોતાનું બલિદાન આપનાર તો તેમના હૈયામાં અમર બની જાય છે. પરોપકાર તો માનવધર્મ છે. પરહિત માટે શહીદ થનારને તો ભગવાન પણ પોતાની સમીપ રાખે છે. કયારેક પોતાના દિવ્યધામમાં સ્થાન આપે છે! તો વળી કયારેક તેને પોતાના પુત્ર પણ બનાવે છે. કયારેક પોતાનું સ્વરૂપ પણ આપી દે



છે. આ દિશામાં પરહિત માટે શહીદ બનનાર કામદેવનું ઉદાહરણ સૌને માટે પ્રેરક બની રહેશે. શ્રીરામચરિતમાનસમાં બાલકાંડનો એ પ્રેરક પ્રસંગ કંઇક આવો છે. તારકાસુરનો ઉપદ્રવ સર્વત્ર વ્યાપી ચૂક્યો હતો. વરદાન તેને મળ્યું હતું કે શિવપુત્ર દ્વારા જ તેનું મૃત્યુ થાય! અવિવાહિત શિવજી તો દીર્ઘ સમાધિમાં ડૂબી ગયા હતા. તેઓ જાગે કયારે? વિવાહ કરે કયારે? તેમના પુત્રનો જન્મ થાય કયારે? એટલે તે પોતાને અજેય અને અમર સમજતો હતો. દેવોને ચિંતા થઇ! તેમની સમક્ષ વિરાટ પ્રશ્ન એ હતો કે શિવજીની સમાધિનો ભંગ કોણ કરે? તેમની સમાધિનો ભંગ કરવો એટલે મોતને નિમંત્રણ આપવું. કામદેવ તે માટે તૈયાર થયા. તેઓ સમજતા હતા કે પોતાનું મૃત્યુ નિશ્ચિત છે. કિંતુ અનેક નિર્દોષ જીવોની હત્યા અટકાવવા માટે પોતાના એકનું મૃત્યુ થતું હોય તો તે તેમને સ્વીકાર્ય હતું. પોતાના કામબાણ વડે તેમણે શિવજીની સમાધિનો ભંગ કર્યો. ક્રોધિત શિવજીએ તેમનું ત્રીજું નેત્ર ખોલ્યું. તેમની દૃષ્ટિ કામદેવ પર

> માનવીના મનમાં આવું સંતત્વ ખીલે! એ જ સાચું જીવન છે કે જયારે માનવી અન્યોનાં હિત માટે જીવે! સંતો પોતે તો પરોપકારી હોય જ છે! સાથે સાથે બીજાનાં હિત માટે જેઓ જીવે છે તેને પ્રેમ પણ કરે છે અને તેની પ્રશંસા પણ કરે છે

પડી. કામદેવ બળીને ભસ્મ થઇ ગયા. તેમની પત્ની રતિએ શિવજી સમક્ષ વિલાપ કર્યો, ‘‘મારા સ્વામી તો પરોપકાર માટે તત્પર હતા. તેમનો ઇરાદો કેવળ તમને સમાધિમાંથી જગાડવાનો જ હતો. હકીકત સમજતાં શિવજીએ કહ્યું, ‘‘પૃથ્વીનો ભાર ઉતારવા માટે જયારે ભગવાન શ્રીકૃષ્ણનો અવતાર થશે ત્યારે કામદેવ તેમના પુત્ર રૂપે જન્મ લેશે’’ મહાદેવના વચન અનુસાર કાળાંતરે કામદેવે શ્રીકૃષ્ણની પત્ની રૂકમણીજીના કૂખે કૃષ્ણપુત્ર પ્રદ્યુમન રૂપે જન્મ લીધો. પરહિત માટે પોતાના પ્રાણની આહુતિ આપનાર કામદેવને શ્રીકૃષ્ણના પુત્ર બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

પરહિત માટે પોતાના પ્રાણની આહુતિ આપનાર માટે કંઇ જ દુર્લભ નથી.

---

અજવાળાં
દુર્ગેશ ઉપાધ્યાય

**કા**યદો અને ન્યાય એ વ્યક્તિ સ્વાતંત્ર્યના પાયા છે. રાજા કે સરકાર કરતાં પણ સર્વોપરી કાયદો કે ન્યાય ગણાય છે. વળી અગાઉ એમ પણ કહેવાતું કે કાયદો બધા માટે સરખો, એ ભલે રાજા હોય કે રંક.

આ બાબતે એક વાત યાદ આવે છે. અગાઉ રાઘોબા પેશ્વાના સમયમાં તેમના રાજદરબારમાં એક પ્રખર ન્યાયાધીશ હતા. બન્યું એવું, એક વાર રાઘોબા પેશ્વાની સવારી શહેરમાં નીકળી હતી, ચારે તરફ મહારાજને જોવા લોકોનાં ટોળાં ઉમટયાં હતાં. જનમેદની એટલી હતી કે તે વચ્ચેથી પસાર થવું અઘરું હતું. રાજાની સવારી સાથે તેમના અન્ય અધિકારીઓનો કાફલો પણ સામેલ હતો. કોઇ કારણસર રાજાનો હાથી રસ્તા વચ્ચે અટકી ગયો. લોકો જોવા લાગ્યા કે હાથી કેમ અટકી ગયો છે

> ભાઇ એ ના ભૂલશો કે હું તમારો રાજા છું અને મારા રાજદરબારના તમે ન્યાયાધીશ છો. એક ન્યાય તોળનાર વ્યક્તિ રાજા સામે આરોપ મૂકી રોકે છે. એ કેમ ચાલે?

પણ એ હાથી આગળ પેલા રાજન્યાયાધીશ ઊભા હતા, તેમણે સવારી અટકાવી હતી.

રાઘોબાએ ન્યાયાધીશને કહ્યું, ‘‘હાથીને કેમ રોકી દીધો છે? જવાનો માર્ગ આપો, આઘા ખસો.’’

‘‘મહારાજ, નહીં ખસાય’’ ન્યાયાધીશે વિનમ્રતાપૂર્વક કહ્યું.

મહારાજે પૂછયું, ‘‘કેમ? કારણ શું છે?’’

‘‘મહારાજ તમારા ઉપર ખૂનનો આરોપ છે, એ અંગે મારી પાસે હાલ જ ફરિયાદ આવી છે. એ લોકો ન્યાય માગે છે. તમે તમારા ભત્રીજા નારાયણ રાવનું ખૂન કર્યું છે




એવો આરોપ છે. તમારો ખુલાસો આપો, એ વિના આ લોક અદાલતમાંથી આગળ નહીં ખસાય.’’ રાજાએ કહ્યું, ‘‘ભાઈ એ ના ભૂલશો કે હું તમારો રાજા છું અને મારા રાજદરબારના તમે ન્યાયાધીશ છો. એક ન્યાય તોળનાર વ્યક્તિ રાજા સામે આરોપ મૂકી રોકે છે. એ કેમ ચાલે?’’ ‘‘મહારાજ, તમે ભલે મારા રાજા છો પણ કાયદો અને ન્યાય બધા માટે સરખો છે. એ ભલે રાજા હોય કે પ્રજા. એ પણ તમારે ભૂલવું ન જોઈએ’’ ન્યાયાધીશે કહ્યું. આથી રાજા ગુસ્સે થઇ ગયા. ‘‘મારા જજસાહેબ, તમે રાજાનું અપમાન કરી રહ્યા છો, તમને ન્યાયાધીશ હોવાનું અભિમાન આવી ગયું છે. આ બરાબર નથી.’’ ન્યાયાધીશે કહ્યું: ‘‘મહારાજ આ અભિમાન નથી. મારી ફરજ છે. કાયદો અને ન્યાય બંને મુકત છે. એના પર કોઈની સત્તા ન ચાલે, એ કોઈનો ગુલામ ન હોય, નહીં તો સાચો ન્યાય ન મળે.’’

રાજાએ કહ્યું, ‘‘તમને અત્યારે જ હોદ્દા પરથી દૂર કરું છું. મારે તમારા જેવાની જરૂર નથી.’’

ત્યારે એ ન્યાયાધીશે કહ્યું, ‘‘મહારાજ હું જાતે જ હોદ્દો છોડી દઉં છું. મારે પણ તમારી જરૂર નથી પણ તમે ગુનેગાર છો એ યાદ રાખજો.’’ એ ન્યાયાધીશ રામશાસ્ત્રી હતા.

---

## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા.૧૧ મે થી તા.૧૭ મે 2026



### તા. ૧૧ મે સોમવાર
વૈશાખ વદ નોમ, પંચક

### તા. ૧૨ મે મંગળવાર
વૈશાખ વદ દશમ, પંચક સંત મુક્તાબાઇ પુણ્યતિથિ - જલગાંવ

### તા. ૧૩ મે બુધવાર
વૈશાખ વદ એકાદશી, અપરા એકાદશી(કાકડી), પંચક

### તા. ૧૪ મે ગુરુવાર
વૈશાખ વદ બારસ, પ્રદોષ, વટ સાવિત્રી વ્રત પ્રારંભ, પંચક પૂરાં-રાતે 10-34.

### તા. ૧૫ મે શુક્રવાર
વૈશાખ વદ તેરસ, અગસ્ત્ય અસ્ત, શિવરાત્રી, ચૌદસ ક્ષયતિથિ.

### તા. ૧૬ મે શનિવાર
વૈશાખ વદ અમાસ, વટસાવિત્રી વ્રત સમાપ્ત, શનૈશ્ચર જયંતી, દર્શ-ભાવુકા અમાસ.

### તા. ૧૭ મે રવિવાર,
અધિક જેઠ સુદ એકમ, અધિક પુરુષોત્તમ માસ પ્રારંભ. ગંગા દશહરા પ્રારંભ.

## સુવિચાર

જીવનમાં સફળ થવું હોય તો પહેલા પોતાને ઓળખવું જરૂરી છે

સારા વિચારો માણસને ઊંચાઈ સુધી લઈ જાય છે

સમય અને શબ્દ બંને અમૂલ્ય છે, વાપરતા પહેલા વિચારો